# સે. ૨૬ જીઆઈડીસી પાસેના આવાસોમાં ઉભરાતી ગટરો રોગચાળાને નોંતરશે



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સેક્ટર-૨૬માં જીઆઈડીસી નજીકના ત્રણ માળિયા આવાસોમાં ગટર ઉભરાવવાની સમસ્યા રહીશો માટે જોખમરૂપ બનતી જાય છે. છેલ્લા સર્જાઈ છે છતાં આ આવાસોના રહીશો ગેઝિયા અને માર્ગ-મકાન વિભાગ વચ્ચે 'ફૂટબોલ' બની જવા પામ્યાં છે.

શહેરના ક-૭ સર્કલ નજીક સે. ૨૬ના ત્રણ માળિયા ગંદા પાણીનો આવાસોની આસપાસ ભરાવો થતા ગંદકી અને દુર્ગંધનો માહોલ સર્જાયો છે. તેમજ આ પાણીમાં રોગજન્ય મચ્છર તથા જીવાણુઓનો ઉપદ્રવ પણ વધવા પામ્યો છે. જેના કારણે

ત્રણ માળિયા આવાસોના રહીશોની ગેઝિયા અને માર્ગ-મકાન વિભાગ વચ્ચે સુડી વચ્ચે સોપારી જેવી હાલત થવા પામી છે. આ સમસ્યા ઉકેલવાની જવાબદારી બંને વિભાગો

## ચારેક માસથી ઉભરાતી ગટરોના પાણી ઘરોમાં ઘુસવાનો ભય : રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધ્યો : ગેઝિયા અને માર્ગ-મકાન વિભાગ વચ્ચે રહીશો 'ફૂટબોલ' બન્યાં : દવાનો છંટકાવ કે ફોગીંગ પણ કરાતુ નથી

ચારેક માસથી ઉભરાતી આ ગટરોના ગંદા પાણી ભોંયતળિયાના આવાસોમાં ઘુસી જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. આ ગંદા પાણીમાં રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ વધતા રોગચાળો ફેલાવાની દહેશત આવાસોમાં છેલ્લા ચારેક માસથી ગટર ઉભરાવાની સમસ્યાએ માઝા મુકી છે. આ સમસ્યા એટલી હદે વકરવા પામી છે કે હવે ભોંયતળિયાના મકાનોમાં ગટરના ગંદા પાણી ઘુસી જવાની શક્યતા ઉભી થઈ છે. ગટરના આવાસોના રહીશોમાં રોગચાળો ફેલાવાની દહેશત સર્જાઈ છે. ગંદા પાણીમાં મચ્છરના પોરા જોવા મળી રહ્યા છે. છતાં અહીં મનપા દ્વારા કોઈ પ્રકારનું ફોગીંગ કે દવા છંટકાવની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવતી નથી.

એકબીજા પર ઢોળી રહ્યાં છે. પરંતુ રહીશોના સ્વાસ્થ્ય પ્રત્યે કોઈ ગંભીરતા દાખવવામાં આવી નથી રહી. આ પ્રકારની ગંભીર દુર્લક્ષતા આગામી દિવસોમાં રહીશો માટે ભારે રોગાચાળાને નોંતરશે તેવી દહેશત સ્પષ્ટ જણાઈ રહી છે.



# એસીબીના ટ્રેપમાં આવેલા હેડ કોન્સ્ટેબલને દોઢ વર્ષની સજા

## તલોદ પોલીસ સ્ટેશનના હે.કોન્સ્ટેબલે આરોપીને જેલમાં ન પુરવા અને કોર્ટમાં વહેલા રજુ કરવા ચાર હજાર માંગ્યા હતા

હિંમતનગર, તા.૨૬

તલોદ પોલીસ સ્ટેશનની પુંસરી આઉટ પોસ્ટમાં વર્ષ ૨૦૦૯માં હે.કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અમૃતભાઈ પુંજાભાઈ લીંબાચીયા પાસે જમીન બાબતે થયેલા ઝગડાનો કેસ આવ્યો હતો. આ કેસમાં આરોપીની ધરપકડ કર્યા બાદ તેને જેલમાં ન પુરવા અને કોર્ટમાં વહેલા રજુ કરવા રૂ. ૪ હજારની માંગણી કરી હતી. વાટાઘાટોના અંતે રૂ. ૨ હજારમાં નક્કી થયું હતું. રૂ. ૧ હજાર ત્યારે આપી દીધા હતા અને બીજા રૂ. ૧ હજારનો વાયદો કરી એસીબીને લાંચની માંગણી અંગે ફરિયાદ કરી હતી. લાંચ લેતા એલસીબીના છટકામાં આવી ગયેલા આ હેડ કોન્સ્ટેબલનો કેસ હિંમતનગર ખાતે પ્રિન્સિપાલ સેસન્જ જજ કે.બી. ગુજરાથીની કોર્ટમાં ચાલ્યો હતો. એડી. પબ્લીક પ્રોસીકયુટર વી.વી. મહેતાની ધારદાર દલીલ ધ્યાને લઈ આરોપી હેડ કોન્સ્ટેબલનો તકસવીરવાન ઠરાવીને સજા ફટકારવામાં આવી છે. દોઢ વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૧૦હજાર દંડ ભરવા કોર્ટે હુકમ કર્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




શું રાધવાનું...!! કોઈ પણ ડબો ખોલો તો બાફેલુ જ નીકળે છે.

# ગ્રામ પંચાયતોના હજ્જારો કોમ્પ્યુટર ઓપરેટરોને કાયમી કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજયમાં ૧૩ હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં છેલ્લા એક દાયકાથી ૧૦ હજારથી વધુ કોમ્પ્યુટર સાહસિક તરીકે ઓપરેટરો કાર્યરત છે. આ ઓપરેટરોમાં મહિલાઓની સંખ્યા પણ ૪૦ ટકાથી વધુ છે. આટલી કારમી મોંઘવારીમાં ઘર કેવી રીતે ચલાવવું તે પ્રશ્ન મળતા લાભ આપવામાં આવે તેવી રજુઆત કરી છે.

ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસીક (ઓપરેટર) મંડળ દ્વારા અડાલજ શ્રેયા ફાર્મ ખાતે તાજેતરમાં કોમ્પ્યુટર ઓપરેટરોની સભા મંડળના પ્રમુખ શકરાજી ઠાકોરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

નજીવા કમિશન મળે છે. ત્યારે આ મોંઘવારીમાં કેવી રીતે પોતાના પરિવારનું જીવન નિર્વાહ કરી શકે. ત્યારે સરકાર આ કોમ્પ્યુટર સાહસિક કર્મચારીઓને કાયમી કરીને યોગ્ય પગાર ધોરણ આપે અને સાથોસાથ અન્ય કર્મચારીઓને મળતા સરકારી લાભો પણ આપવામાં આવે તેવી રજુઆત કરી હતી. કોમ્પ્યુટર




નાગરીકોને સતાવી રહ્યો છે. ત્યારે કોન્ટ્રાકટ પર કામ કરતા કર્મચારીઓ ફકત કમિશન પર કામ કરી રહ્યા છે. ત્યારે આ કર્મચારીઓએ પોતાનું સંગઠન બનાવીને સરકાર પાસે રજુઆત કરી છે કે તેમને પણ કર્મચારી તરીકે ગણવામાં આવે અને કાયમી કરવામાં આવે તે ઉપરાંત રાજય સરકારના કર્મચારીઓને

આ બેઠકમાં ઓબીસી એકતા મંચના પ્રમુખ અલ્પેશ ઠાકોર પણ હાજર રહીને કોમ્પ્યુટર સાહસિકોનો જુસ્સો વધાર્યો હતો. આ પ્રસંગે અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે છેલ્લા દશ વર્ષથી કામ કરતા આ હજ્જારો કર્મચારીઓ સાથે સરકાર મજાક કરી રહી છે. જન્મનો દાખલો કાઢવાના અને લાઈટના બિલ દીઠ મળતા

ઓપરેટર મંડળ દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી છે કે આગામી તા.૧૦ જુન સુધીમાં સરકાર દ્વારા માંગણી નહીં સ્વીકારવામાં આવે તો આ અંગે કોમ્પ્યુટર ઓપરેટરો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. આ પ્રસંગે રાજયમાંથી હજ્જારો કોમ્પ્યુટર ઓપરેટર કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# સાદરામાં ગ્રામજનો પર હુમલાના પ્રકરણમાં આખરે ગુનો નોંધાયો

## ૨૦ થી ૨૫ રેતી માફીયાઓના ટોળા સામે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૬

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા સાદરા ગામમાં ગઈકાલે સમી સાંજે રેતી માફીયાઓ દ્વારા ગ્રામજનો પર હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. રેતી ભરેલી ટ્રકો અન્ય રસ્તે લઈ જવા બાબતે થયેલી આ બબાલ અંગે ચિલોડા પોલીસ રેતી માફીયાઓ સામે નામજોગ ફરિયાદ ન લઈને તેમને છાવરતી હોવાના આક્ષેપ થયા હતા. દરમ્યાન મોડી રાત્રે ચિલોડા પોલીસે સાદરા ગામના કમલેશસિંહ અર્જુનસિંહ રહેવરની ફરીયાદને આધારે સાદરાના રેતી માફીયાઓ સામે ગુનો દાખલ કર્યો હતો. પ્રકાશ નેજા વણઝારા, દેવા નાસ વણઝારા, સાંગા નારા વણઝારા અને તેજા વણઝારાની પત્નિ સહિત ૨૦થી ૨૫ના ટોળા સામે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૩૭, ૫૦૪, ૫૦૬-૨ અને જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી ચિલોડા પીએસઆઈ વી.એ. પઠાણે વધુ તપાસ શરૂ કરી છે.

# આજે ગાંધીનગર ખાતે વેદિક એસ્ટ્રો વિદ્યામંદિરનો દ્વિતીય પદવીદાન સમારંભ

ગાંધીનગર, તા.૨૬

ધ વેદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન સંચાલિત વેદિક એસ્ટ્રો વિદ્યામંદિર, ગાંધીનગર ખાતે છેલ્લા ચાર વર્ષથી જયોતિષશાસ્ત્રના વિષયોની તાલીમ આપવામાં આવે છે. તાલીમાંત પરીક્ષા પાસ થયેલા જયોતિષના તાલીમાર્થીઓને સને-૨૦૧૫-૧૬ના સત્રનો દ્વિતીય પદવીદાન સમારંભ તા. ૨૭મી મે, ૨૦૧૭ના રોજ બપોરના ૨.૩૦ કલાકે પરંપરા રેસ્ટોરન્ટ હોલ, માણસા-રાંધેજા રોડ, ગાંધીનગર ખાતે યોજાનાર છે.

આ સમારંભના અધ્યક્ષ પદે અગાસ, અમદાવાદના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પંડયા (ઋષિરાજ) ઉપસ્થિત રહેશે. તેમજ સમારંભનું ઉદઘાટન ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ કરશે.

મુખ્ય મહેમાન પદે મહાનગરપાલિકા, ગાંધીનગરના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી મનુભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડૉ. હિમાંશુભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન શ્રી ડૉ. શંકરસિંહ રાણા ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ પદે વાસ્તુશાસ્ત્રી, અમદાવાદ શ્રી વિક્રમભાઈ વૈદ્ય, શ્રી સરસ્વતી સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પટેલ, અને કાર્યપાલક ઈજનેર અને સમાજ શ્રેષ્ઠી શ્રી શાંતિલાલજી પટેલ ઉપસ્થિત રહેશે. તેમજ આર્શીવચન કથાકાર અને પ્રાધ્યા. સોલા ભાગવત વિદ્યાપીઠના શ્રી રામેશ્વરદાસ હરિયાણી આપશે. આ પ્રસંગે નામાંકિત જયોતિષી શ્રી ભુપેન્દ્રભાઈ ધોળકીયા, શ્રી પ્રહલાદભાઈ ધોળકીયા, શ્રી ઉપેન્દ્રભાઈ ભદૌરીયા અને શ્રી સી.એન.શાહ પણ ખાસ ઉપસ્થિત રહેશે.



સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭ના પ્રોત્સાહક પરિણામો પછી સર્વેક્ષણ-૧૮નું આયોજન અત્યારથી જ હાથ ધરી સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા માટે આજે સ્વર્ણિમ સંકુલમાં મનપાના પદાધિકારીઓ સાથેની સંયુક્ત બેઠકમાં તાકીદ કરાઈ હતી. તેમજ જો કંઈ સમસ્યાઓ હોય તો તેના નિરાકરણ માટે તંત્રના અધિકારીઓ નિયમિત ફોલો-અપ કરી ઉકેલની દિશામાં સકારાત્મક રીતે આગળ વધે તેમ પણ આ બેઠકમાં જણાવવામાં આવ્યું છે.

# સરકાર આદિવાસીઓની હિત ચિંતક બની : વસાવા

અમદાવાદ, તા.૨૬

રાજ્યના આદિવાસી પ્રજાજનોના ઉત્કર્ષ માટેની શ્રેણીબદ્ધ યોજનાઓ સાથે આગળ વધી રહેલી રાજ્ય સરકાર ચારા અર્થમાં આદિવાસીઓની હિતચિંતક છે તેમ જણાવી આદિજાતિ, વન તથા પ્રવાસન મંત્રી-વ-ડાંગ જિલ્લાના પ્રભારીમંત્રી ગણપતસિંહ વસાવાએ સરકારના પ્રજાભિમુખ અભિગમને કારણે આજે છેવાડાના માનવીઓ સુધી તેના સુફળ પહોંચી રહ્યા છે તેમ જણાવ્યું હતું.

# ગાંધીનગર ઉત્તર વિધાનસભા ક્ષેત્રના વિકાસ કાર્યો માટે ૧૧.૧૪ કરોડ ફાળવાયા

## ધારાસભ્ય અશોકભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રીનો આભાર માન્યો

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા તેમના મતવિસ્તારના સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર તથા પેથાપુર નગરપાલિકાના વિસ્તારમાં નોન-પ્લાન રસ્તાઓ માટે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ ૧૧.૧૪ કરોડની માતબર રકમ ફાળવવા માંગ મુકવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી દ્વારા આ માંગણીનો સ્વીકાર કરી રકમ ફાળવતા ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતક્ષેત્રના ઉનાવા, રાંધેજા, આદરજમોટી, સોનીપુર, પેથાપુર, ફતેપુરા, કોલવડા, વાવોલ, પુન્દ્રાસણ, સરઢવ તથા રૂપાલ સહિતના ગ્રામ્ય વિસ્તરોમાં કાચા માર્ગો, ડામર રોડ, સીસીરોડ, માટી મેટલ કામના રોડ વગેરેના કાર્યો કરવા માટે ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા અંદાજિત ખર્ચની રકમ પેટે રૂ. ૧૧.૧૪ કરોડની ગ્રાન્ટ ફાળવવા રાજ્ય સરકાર સમક્ષ માંગણી કરવામાં આવી હતી. આ માંગણીને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મંજુરીની મહોર મારવા સાથે પૂરી ગ્રાન્ટની ફાળવણી કરી છે. આ ગ્રાન્ટ ફાળવવાને પગલે ગાંધીનગર ઉત્તર મતવિસ્તારમાં વિકાસ કાર્યોને વેગ મળશે તેવુ જણાવતા ધારાસભ્ય અશોકભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.

# કલોલ તાલુકા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખપદે નટુભાઈ પી. ચોધરીની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાનાં કલોલ તાલુકા પંચાયતના સભાખંડમાં જિલ્લાના પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ વિહોલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જનરલ સભામાં કલોલ તાલુકાનાં મોટી ભોંયણ ગામનાં તલાટી કમ મંત્રીશ્રી નટુભાઈ પી. ચૌધરીની કલોલ તાલુકા તલાટી મંડળનાં પ્રમુખપદે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ઉપપ્રમુખ પદે બોરીસણા ગામનાં તલાટી શ્રી આર.આર.ડાભી, મહામંત્રી પદે કારોલી ગામનાં તલાટી શ્રી બી.એમ. રબારી, સહમંત્રી પદે શ્રી એન.એમ. બ્રહ્મભટ્ટ, ખજાનચી – શ્રી દેવાંગ દેસાઈ અને આંતરિક ઓડીટર – શ્રી જે.એસ. ઠાકોરની વરણી કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં શ્રી એચ.એસ.બારોટ – પલસાણા, શ્રી વી.એન. પટેલ – નારદીપુર, શ્રી તુકારામ જોષી- વડસર, શ્રી હિતેષભાઈ ગઢવી – જાસપુર, શ્રી ડી.બી. સાધુ – ખોરજ ડાભી તથા મહિલા પ્રતિનિધિ તરીકે શ્રીમતી પી.પી. ચાવડા – અઢાણા, કુ. અર્પિતા કનોડીયા – મોખાસણની નિમણૂંક કરવામાં આવી છે. જયારે જિલ્લા પ્રતિનિધિ તરીકે શ્રી મહેન્દ્રસિંહ વિહોલ – રકનપુર, શ્રી એચ.એમ. સૈયદ – પલોડીયા, શ્રીઆર.જી.પટેલ- ઉનાલીની જનરલ સભામાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.



## ગિયોડમાં ટીબી જાગૃતિ અભિયાન

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી અંગે જાગૃતિ ફેલાવવા બરાબર કમર કસી લીધી હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. આજે સતત ત્રીજા દિવસે જિલ્લામાં ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજવમાં આવ્યો હતો. આ વખતે પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્ય વિસ્તારમાં સમાવિષ્ટ ગિયોડ ગામે રામજી મંદિર ખાતે ટીબી જાગૃતિ તથા માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ક્ષય કેન્દ્રના ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, ડીપીસી ચેતન ચૌહાણ, એસટીએસ આનંદ પટેલ તથા એમપીએચડબલ્યુ પ્રદિપભાઈએ ગ્રામજનોને ટીબીના લક્ષણો, નિદાન, સારવાર સહિત સાવચેતી અંગે માહિતગાર કર્યા હતા.

# અનાથ નિરાધાર બનેલા બાળકો માટે પાલક માતા-પિતા યોજનાના ધારા-ધોરણમાં સુધારો

સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય- ગાંધીનગર દ્વારા ૧૮ વર્ષ સુધીના અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક વાતાવરણમાં ઉછેરથી તેઓનો સહજતાથી સ્વસ્થ અને સંતુલિત વિકાસ કરવાના હેતુથી પાલક માતા પિતાની યોજના શરૂ કરાઈ છે.

પાલક માતા-પિતા યોજનામાં જે બાળકોના માતા-પિતા અવસાન પામેલ હોય તેવા અનાથ બાળકોને સહાય આપવામાં આવે છે. પરંતુ જે બાળકોના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકો આ યોજનાના લાભથી વંચિત રહી જતા હતા. આવા બાળકો પણ આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુસર જે બાળકોના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા સંજોગોમાં બાળકને મહિને રૂ.૩૦૦૦/-ની સહાય અપાશે. ગાંધીનગર જિલ્લામાં સદર યોજનાની સહાય માટે જિલ્લા બાળ સુરક્ષા કચેરી – ગાંધીનગર "એ" બ્લોક, ભોંયતળીયે, સહયોગ બિલ્ડીંગ, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગરનો સંપર્ક કરવો.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**
**જાહેર નિવિદા નં. ૦૪/૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪ ૨૪૬૪૯૬) દ્વારા રોડના કામ જેની અંદાજીત કિંમત ૩૦.૦૦ લાખથી ૧૨૧.૯૮ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૬/૬/૨૦૧૭થી ૧૨/૬/૨૦૧૭ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

સહી/-
કાર્યપાલક ઈજનેર
અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ
મોડાસા

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૧૨૫/૨૦૧૭

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ઈ-ટેન્ડર નોટીસ-૨ સને ૨૦૧૭-૧૮**
**આઈ.ડી. નં. ૨૬૧૬૫૬**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમાં માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાની મરામત નિભાવણી કાર્યક્રમ હેઠળ એન.સી.-૧૪ પ્રોજેક્ટ યોજના હેઠળ મરામત અને નિભાવણીનું બે વર્ષના સમયગાળા માટેના કામોની અંદાજીત કિંમત રૂ. ૧૪૫.૯૫ લાખ માટે 'સી' ક્લાસ અને ઉપરના શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. ટેન્ડર તથા કામને લગતી વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http://www.statetenders.com ઉપરથી મેળવી / જોઈ શકાશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૧૪/૬/૨૦૧૭ કામ અંગેની વધારાની વિગતો માટે અત્રેની કચેરીએથી મળી શકશે. આ ટેન્ડર બાબતનો જરૂરી સુધારો વેબસાઈટ ઉપર આપવામાં આવશે. તેમજ આ ટેન્ડર સ્વીકારવું કે નહીં સ્વીકારવું તેનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે. ફોન નં. ૯૯૭૮૪૦૬૭૪૮.

માહિતી/૫૬૯/૧૭-૧૮